

કોંગ્રેસ કોર્પોરેટર શ્રીમતી હિરલ ઉર્પલકુમાર જોષી વોર્ડ નં ૭માં બૂથ પર પોલિયો રસીકરણ પ્રોગ્રામમાં પોલિયોની રસીના બે ટીપા પીવડાવી શરુઆત કરાવી હતી.

# આજે સાબરડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી

## ચૂંટાયેલા ડિરેક્ટરો તથા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં બેઠક મળશે

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ખુબજ મહત્વની ગણાતી સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી સંપન્ન થયા બાદ આજે સોમવાર તા. ૧૧ માર્ચના રોજ ડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાશે જેમાં નિયામક મંડળના ૧૬ તથા અન્ય મળી ૨૧ પ્રતિનિધિઓ અને ચૂંટણી અધિકારી તરીકે હિંમતનગરના પ્રાંત અધિકારી ઉપસ્થિત રહેશે. જોકે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં સર્વાનુમતે કરાશે કે નહી તે અંગે રવિવારે જિલ્લાના સહકારી રાજકારણમાં અનેક ચર્ચાઓ વહેતી થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીના નિયામક મંડળની તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણી બાદ તેના કેટલાક દિવસો બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી કરવી અનિવાર્ય હોવાથી થોડા દિવસ અગાઉ સાબરડેરીની ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે મુકાયેલા પ્રાંત અધિકારી ચૌધરીએ તા. ૧૧ માર્ચના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ હતુ.

તો બીજી તરફ જિલ્લાના ટોચના ગણાતા સહકારી આગેવાન જેઠાભાઈ પટેલ અને મહેશભાઈ પટેલની આગવી સૂઝબુઝને લીધે ૧૨ બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે બાકીની ચાર બેઠકો પર તેમના જ સહકારથી ઉભા કરાયેલા ઉમેદવારો વિજયી બન્યા હતા. જેથી ચેરમેન તરીકે જેઠાભાઈ પટેલ નિશ્ચિત મનાય છે.

# પ્રાંતિજ વી.એસ. રાવલ પબ્લિક સ્કુલ ખાતે ‘ઉડાન’ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે આવેલ વી.એસ. રાવલ પબ્લિક સ્કુલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ભુલકાઓ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને આવનાર મહેમાનો વાલીઓના દિલ જીતી લીધા હતા.





પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ વી.એસ. રાવલ પબ્લિક સ્કુલ ખાતે એક દિવસીય ઉડાન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્વામી નારાયણ મંદિરના મહંત ગોપાલદાસજી સ્વામી, પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેકટર બ્રહ્મભટ્ટ, વી.એસ. રાવલ પબ્લિક સ્કુલના ટ્રસ્ટી ભાસ્કરભાઈ રાવલ, સંકેતભાઈ રાવલ, ગીતાબેન રાવલ, ડાયરેકટર કપીલભાઈ ત્રિવેદી, પ્રિન્સીપાલ મનીષા ચિતલે, પ્રોગ્રામ ઈન્ચાર્જ મયંકભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને દિપપ્રાગટય કરી સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો દ્વારા ડીજેવાલે બાબુ, ડાન્સ, જય જય ગરવી ગુજરાત, ડ્રામા, માંગલીક પેડ, સોંગ, કરાટે, મુન્નાભાઈ- સર્કિટ, દેશ ભક્તિ અભિનય સહિત કાર્યક્રમમોમાં ભાંગ લઈ બહારથી આવનાર મહેમાનો તથા પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધા હતા.

શાળાના શિક્ષકોની મહેનત તથા બાળકોની અંદર રહેલ કલા અને કલાકારોએ રંગ જમાવ્યો હતો, જયારે આ કાર્યક્રમનું સફળ સંચાલન એલાઉન્સમેન્સ હિનાબેન તથા છાયાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# દહેગામ સ્થિત બહેરામુંગા શાળામાં કોર્પોરેશન બેંક દ્વારા મહિલા દિનની ઉજવણી



ચિલોડા, તા. ૧૦

દહેગામ ખાતે આવેલ બહેરા-મુંગા શાળાને ભુપેન્દ્રભાઈ જાની અને નટવરસિંહની પ્રેરણાથી કોર્પોરેશન બેંકની મહિલા વીંગ દ્વારા મહિલાદિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે બાળકો સાથે તેમજ મહિલા સશક્તિકરણને વધુ વેગવંત બનાવવા સિલાઈ મશીન નંગ-૩ વિજયાબેન અને લક્ષ્મીબેનને આપીને પ્રોત્સાહિત કર્યા હતા. શાળા પરિવાર સહિત સંસ્થાના પ્રમુખ ઈન્દુમતીબેન બ્રહ્મભટ્ટે બેંક પદાધિકારીનું સ્વાગત કરી શાળાની રૂપરેખા અને બાળકોને અપાતા શિક્ષણ અંગે રસપ્રદ માહિતી પુરી પાડી હતી. બાળકો સ્વનિર્ભર થાય તે હેતુસર કોર્પોરેશન બેંકનો સ્ટાફ ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડી હતી.

# અરવલ્લી આરોગ્ય વિભાગે ૦ થી ૫ વર્ષીય બાળકોને પોલીયોની રસી પીવડાવી



મોડાસા, તા. ૧૦

૧૦ માર્ચ પોલિયો મુક્ત ભારત અભિયાન અંતર્ગત અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પલ્સ પોલિયોને સફળ બનાવવા માટે ખાસ નોડલ ઓફિસર તાલુકા મથકે તૈનાત કરી જીલ્લાના ૬ તાલુકના ૦ થી ૫ વર્ષ સુધીના ૧૩૩૪૩૧ બાળકોને પોલિયો રસીના બે બુંદ પીવડાવા સજ્જ બની રવિવારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી દવાખાના, આંગણવાડી, શાળાઓમાં અને જાહેર સ્થળે બુથ ઉભા કરી પોલિયો રસી પીવડાવી હતી. જીલ્લામાં ૧૨ માર્ચ સુધી આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમના વિસ્તારમાં ડોર ટુ ડોર સંપર્ક શાધી પોલીયોની રસીથી વંચિત રહેલા બાળકોને રસી પીવડાવી સુરક્ષિત કરવામાં આવશે.





શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. રાજ્યના માજી સૈનિકોના વિવિધ કલ્યાણલક્ષી પ્રશ્નોનું નિરાકરણ નહી આવતા માજી સૈનિકોએ સત્યાગ્રહ ધરણા યોજી સરકાર સામે વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

# અમદાવાદમાં રાષ્ટ્રીય કોંગ્રેસી નેતાઓનું આવતીકાલે ભવ્ય સ્વાગત કરાશે

## દાંડીકૂચના દિવસે ૧૨મીએ કોંગ્રેસ કારોબારી બેઠક : રાહુલ, પ્રિયંકા, સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની જાહેરસભા-રોડ શોને લઇ પણ જોરદાર તૈયારીઓ

અમદાવાદ, તા.૧૦

સને ૧૯૬૧ બાદ ગુજરાતમાં સૌપ્રથમવાર તા.૧૨મી માર્ચે અમદાવાદમાં યોજાનારી કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠકને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના સ્વાગતને લઈ તેમ જ તેમની જાહેરસભા અને રોડ શોને લઈ પણ જોરદાર તૈયારીઓ ચાલી રહી છે અને લગભગ પૂર્ણતાના આરે છે.

શાહીબાગના સરદાર પટેલ સ્મારક ભવન ખાતે જયાં કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક મળવાની છે તે માર્ગો પર અને રાષ્ટ્રીય કાર્યકારિણીની આસપાસના સ્થળોએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના વિશાળ પોસ્ટરો અને બેનરો લગાવી દેવાયા છે. તો, ગાંધીનગર-અડાલજ ત્રિમંદિર તરફના માર્ગો અને સર્કલો પર કોંગ્રેસની પતાકાઓ, બેનરો અને પોસ્ટરો લાગી ગયા છે, જેમાં રાહુલ ગાંધી, પ્રિયકાં ગાંધી અને સોનિયા ગાંધીના ફોટાઓ નજરે પડી રહ્યા છે.

ગુજરાત કોંગ્રેસના નાનામાં નાના કાર્યકરથી માંડી ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ હાલ તો કોંગ્રેસની આ રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક અને ત્યારબાદ રાહુલ, પ્રિયંકા અને સોનિયા ગાંધીના રોડ-શો અને જાહેરસભાને સફળ બનાવવામાં લાગી ગયા છે.

પુલવામામાં આત્મઘાતી આંતકવાદી હુમલામાં ૪૦થી વધુ સીઆરપીએફના જવાનોના મોત બાદ દેશભરમાં ખાસ કરીને સરહદ પર બનેલી તંગદિલીભરી સ્થિતિના મુદ્દે મોકૂફ રખાયેલી કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારિણી મહત્વની બેઠક તેમજ જનસંકલ્પ રેલી હવે તા.૧૨મી માર્ચના દાંડી કૂચના ઐતિહાસિક દિવસે યોજાવા જઈ રહી છે. આ દિવસે અડાલજ ત્રિમંદિર ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ જાહેર સભાને સંબોધશે.

# વિસનગરમાં ભૂલકાઓને પોલીયો ટીપાં પીવડાવી નિતિનભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો

મહેસાણા, તા. ૧૦



નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે મહેસાણા જિલ્લાના વિસનગર સિવિલ હોસ્પિટલ ખાતે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલિયો રાઉન્ડ અંતર્ગત વિસનગર સિવિલમાં ઉપસ્થિત રહી ભુલકાંઓને પોલિયો રસીના બે ટીપા પીવડાવી જિલ્લા કક્ષાના અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષ સુધીના અંદાજે ૮૪ લાખ ભુલકાંઓને પોલિયોના બે ટીપા પીવડાવી ‘પોલિયો મુક્ત ભારત, પોલિયો મુક્ત ગુજરાત’નો ધ્યેય પાર પાડવા રાજ્યભરમાં ૩૭૫૦૩ બુથ મારફતે ૧,૭૧,૯૧૦ આરોગ્ય કર્મીઓ કાર્યરત છે.

મહેસાણા જિલ્લામાં ૦ થી ૫ વર્ષના, ૨,૪૭,૦૫૧ બાળકોને પોલીયો પીવડાવવમાં આવનાર છે. આ અભિયાનમાં ૧૨૦૨ બુથ,૯૯૦ ગ્રામ્ય બુથ ૨૪૪ શહેરી બુથ ૪૩૮૬ ટીમ મેમ્બર્સ, ૨૨૮ સુપરવાઈઝર, ૨૩૬ ટ્રાન્ઝીટ પોઈન્ટ, ૨૪૨ મોબાઈલ ટીમ મેમ્બર્સ, ૮૧૦૮ વેકસીન કેરીયર, ૧૧૦ કોલ્ડ બોકસ, ૧૬૫૦૭ આઈસ પેકસ અને ૫૪ વ્હીકલ કામે લાગ્યા છે.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે રાજ્યમાં પલ્સ પોલિયોના રાઉન્ડમાં આવતા તમામ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. રાજ્યનુ બાળક આવતી કાલના રાષ્ટ્રનું ભવિષ્ય છે જેથી બાળક નિરોગી રહે તેની સતત ચિંતા સરકાર દ્વારા થઈ રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ વિસનગર ખાતે ભુલકાંઓને પોલીયોનાં ટીપા પીવડાવી જિલ્લાકક્ષાના અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત વિસનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ જરૂરી સુચનો કર્યા હતા. સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓની મુલાકાત કરી તેમને મળતી સારવારની માહિતી મેળવી હતી.

વિસનગરના કાર્યક્રમમાં એપીએમસી મહેસાણાના ચેરમેન ખોડાભાઈ પટેલ, અગ્રણી જશુભાઈ, પ્રકાશભાઈ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ટી.કે. સોની, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિષ્ણુંભાઈ પટેલ, જિલ્લાના અધિકારીઓ, વિસનગર તાલુકાના પદાધિકારીઓ, ડોકટરો સહિત આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેશનલ એસસી-એસટી હબ દ્વારા ભાટમાં કોન્કલેવ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

ભાટ ખાતે ઈ.ડી.આઈ. સંકુલમાં રાષ્ટ્રીય એસ.સી.-એસ.ટી. હબ દ્વારા સ્ટેટ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હબ હેઠળ ૩૪૦૦થી વધુ એસ.સી.- એસ.ટી. ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે. જ્યારે ગ્રામ્યકક્ષાને ધ્યાને લઈ ૧૨ જેટલી એસ.સી.-એસ.ટી. હબ ઓફિસો પણ શરૂ કરવામાં આવી છે.

આ સંદર્ભે, રાષ્ટ્રીય એસસી-એસટી હબ એનએસએસએચ દ્વારા સ્ટેટ કોનક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. સીપીએસઈ, ઉદ્યોગ સંગઠનો અને રાજ્ય સરકારને એક સામાન્ય પ્લેટફોર્મ પર એક સાથે લાવવા અને એસસી-એસટી સાહસિકો માટે પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી માપદંડ પૂરા કરવા પગલાં લેવાની ઈરાદાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે ડૉ. કિરીટ સોલંકી, સંસદ સભ્ય, ગુજરાત સરકાર, મનોજ અગ્રવાલ, આઈએએસ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર, અમિત પ્રધાન, આઈપીએસ-એજીડીપી ગુજરાત રાજ્ય સીઆઈડી (ક્રાઈમ), પી. ઉદયકુમાર, નિયામક (આયોજન અને માર્કેટિંગ), એનએસઆઈસી, એચ. ડી. શીરમાલી ગુજરાત સરકારના એડિશનલ ઈન્ડસ્ટ્રીઝ કમિશનર, સતીષ પરમાર, પ્રમુખ ડીઆઈસીસીઆઈ, ગુજરાત પ્રકરણ અને પી. કે. ઝા, ઉપસ્થિત રહયા હતા.





ગાંધીનગરમાં પોલિયો રવિવાર ઉજવાયો હતો જે અંતર્ગત સેક્ટર-૨૯માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે ડૉ. કિંજલ ઉઘાડ તથા તેમની ટીમ દ્વારા બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થા આકાશ સમાજ સેવા ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા સેક્ટરમાં ગરે ઘરે જઈને વસાહતીઓને રસીકરણના ફાયદા સમજાવવા સાથે બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવવા પ્રેરિત કર્યા હતા. આ સેવાકાર્યમાં સંસ્થાના અરવિંદભાઈ, કમલેશ સોલંકી, રોનક કડીયા તથા મુકેશ બામણીયા દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

# પ્રાંતિજ શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતિય પાટોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતિય પાટોત્સવની ભવ્ય ઉજવણી કમીટી દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તો વર્ષો જુના આ મંદિરના સ્થાને બે વર્ષ અગાઉ વિશાળ મંદિરનું નિર્માણ કરવામાં



આવ્યું છે તો આ મહાકાલી મંદિર સમગ્ર પંથકમાં પ્રચલિત બનેલ છે. મંદિર સંકુલમાં ધર્મશાળા તેમજ ભોજનાલય શરૂ કરવામાં આવેલ છે. પાટોત્સવ દરમ્યાન પ્રાંતિજ-

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ પૌરાણિક અને પ્રાચીન વાવ ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતીય પાટોત્સવની મંદિર વ્યવસ્થા શૈલેષભાઈ ત્રિવેદી, અમરીશભાઈ સોની તથા મંદિર વ્યવસ્થાપક કરવામાં આવી તે પ્રસંગે ધર્મ પ્રેમી લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને મંદિરમાં બિરાજમાન શ્રી મહાકાલી માતાના તથા હવનના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

## નવલપુર-ભટોડા પાસેથી દારૂ ભરેલી કાર પકડાઈ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલ નવલપુર ભટોડા પાસેથી એલસીબીએ બાતમીને આધારે શુક્રવારે રાત્રે રાજસ્થાનથી પાસ પરમીટ વિના આવી રહેલ એક કારને ઝડપી લઈ તેમાંથી અંદાજે રૂ. ૫૦ હજારથી વધુની કિંમતનો જથ્થો પોલીસે ઝડપી લીધો હતો.

## ઉનાળાનો અહેસાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધમધમતા થઈ ગયા છે. સવાર થી જ હવે તાપ આકરો લાગે છે. વાતાવરણમાં પવનનુ જોર વધુ હોવાછતા ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આકરી ઠંડી બાદ હવે આગામી દિવસોમાં અસહ્ય ગરમી પણ નગરજનોને બેબાકળા કરી મુકશે. ઉનાળાની શરૂઆતથી જ ગરમીનો મિજાજ આકરો વર્તાઈ રહ્યો છે. ત્યારે ગરમીની ઋતુ વધુ આક્રમક બનતા પુર્વે જ શહેરીજનો અત્યારથી જ અંગ દઝાડતી ગરમીથી બચવા સજ્જ થઈ રહ્યા છે. ઉનાળાના પ્રારંભથી જ ગરમીનો ઉગ્ર મિજાજ નગરજનોને સતાવી રહ્યો છે. આજે પણ સવારથી વાતાવરણમાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો હતો. રજાનો દિવસ હોવાની સાથે બપોરના સમયે ગરમીની અસરથી શહેરના માર્ગો તેમજ બજારોમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વાહનચાલકો આકરા તાપથી બચવા માટે મોઢે બુકાની બાંધી જતા નજરે પડે છે.

## વિભાગ ફાળવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. જયારે મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગરના વાઈસ ચાન્સેલર તરીકે શ્રી મહિપતસિંહ ચાવડાની નિયુક્તિ કરવામાં આવી છે. ગુજરાતની રાજનીતિમાં ભારે ઉતાર ચઢાવ બાદ ગઈકાલે રૂપાણી સરકારના મંત્રીમંડળના વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના રાજભવન ખાતે વિજય મૂર્હતમાં ભાજપની શપથવિધી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યોગેશ પટેલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા(હકુભા જાડેજા) અને જવાહર ચાવડાએ મંત્રી પદના શપથ લીધા હતા. રાજયપાલ ઓ.પી.કોહલીએ નવા ત્રણેય મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કોંગ્રેસમાંથી આવેલા જવાહર ચાવડાને કેબિનેટમંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. તેમને પ્રવાસન અને મત્સ્યોદ્યોગ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. યોગેશ પટેલ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ રાજ્યકક્ષાના મંત્રી તરીકેના શપથ લીધા હતા. મંત્રી યોગેશ પટેલને નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા તથા કુટિર ઉદ્યોગ રાજયકક્ષા વિભાગની ફાળવણી કરવામાં આવી છે.

## લોકસભા ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ ઉમેદવારોને પોતાના સોશિયલ મિડિયા ખાતાની માહિતી આપવી પડશે. સામાન્ય ચૂંટણીમાં ૯૦ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. ૨૦૧૪થી હજુ સુધી ૮.૪ કરોડ મતદારો વધ્યા છે. આમા પણ ૧.૫ મતદારો એવા છે જેમની વય ૧૮થી ૧૯ વર્ષની છે. છેલ્લી ચૂંટણીમાં ૮૧ કરોડ મતદારો હતા. આ વખતે દેશભરના ૯૩.૩ ટકા મતદારોની પાસે ઓળખપત્ર રહેલા છે. ચૂંટણી પંચે આજે પત્રકાર પરિષદ યોજીને તમામ માહિતી જાહેર કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલતી ચૂંટણી પ્રક્રિયાનો અંત આવ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોડાએ સાંજે પાંચ વાગે સમયસર પત્રકાર પરિષદ યોજીને ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ વખતે વધુ સુવિધા મળી શકે તે માટે ૧૦૯૫ ઉપર એસએમએસ કરીને લોકોને મતદાર યાદીમાં પોતાનું નામ શોધી શકે છે. આ ટોલ ફ્રી નંબર છે. તારીખોની જાહેરાતના ૧૦ દિવસ બાદ વોટિંગ લિસ્ટમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ વખતે દરેક ઘરમાં જઈને વોટરગાઈડ કાર્ડ આપવામાં આવશે.

## ગુજરાતમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ ગુજરાતની ૨૬ સંસદીય બેઠકોની વિગતો આપતાં જણાવ્યું કે નવા સીમાંકન મુજબ ૨૬ બેઠકોમાં ૧- કચ્છ(અ.જા.), ૨-બનાસકાંઠા, ૩-પાટણ, ૪-મહેસાણા, ૫-સાબરકાંઠા, ૬- ગાંધીનગર, ૭-અમદાવાદ પૂર્વ, ૮-અમદાવાદ પશ્ચિમ (અ.જા), ૯-સુરેન્દ્રનગર, ૧૦-રાજકોટ, ૧૧-પોરબંદર, ૧૨-જામનગર, ૧૩-જૂનાગઢ, ૧૪- અમરેલી, ૧૫-ભાવનગર, ૧૬-આણંદ, ૧૭-ખેડા, ૧૮-પંચમહાલ, ૧૯-દાહોદ(અ.જ.જા.), ૨૦-વડોદરા, ૨૧-છોટાઉદેપુર(અ.જ.જા.), ૨૨-ભરૂચ, ૨૩- બારડોલી(અ.જ.જા.), ૨૪- સુરત, ૨૫- નવસારી અને ૨૬-વલસાડ(અ.જ.જા.)નો સમાવેશ થાય છે.

## વિમાન ક્રેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાગ્યે તે ક્રેશ થયું હતું. વિમાન એડીસ અબાબાની દક્ષિણ બાજુએ લગભગ ૫૦ કિ.મી. દૂરના સ્થળ બિશોફ્તુ અથવા ડેબ્રે ઝીટની આસપાસમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

ઈથિયોપીયન એરલાઈન્સનું કહેવું છે કે બચાવ અને શોધખોળ કામગીરી ચાલુ છે, પરંતુ કોઈ પ્રવાસી બચી શક્યા છે કે નહીં એની હજી સુધી કોઈ જાણકારી નથી. બીજી બાજુ, ઈથિયોપીયાના વડા પ્રધાન કાર્યાલયે દુર્ઘટનાગ્રસ્ત પ્રવાસીઓનાં પરિવારજનો પ્રતિ દિલસોજી વ્યક્ત કરતું નિવેદન બહાર પાડી દીધું છે.

ઈથિયોપીયન એરલાઈન્સ ઈથિયોપીયાની સરકારની માલિકીની છે. તે આફ્રિકાની સૌથી મોટી એરલાઈન ગણાય છે.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

પરિણમે છે તેની જાય છે, તેની ખબર જ નથી હોતી. પોતાના અધિકારોનો ઉપયોગ કરવામાં ફરજ, નિષ્ઠા કયારે ભુલી જાય છે તેની ખબર નથી હોતી. વ્યભિચારને કયારે હિંસામાં પણ વધારો થતો જાય છે પતિ કે પત્ની એકબીજાનું ખુન કરાવવા ભાડુતી માણસો રોકવા શુધ્ધા અટકાતા નથી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ વ્યુરોના મતે સ્ત્રીઓ કરતા પુરૂષોની આપઘાતની સંખ્યામાં દિવસે દિવસે વધારો થતો જાય છે.

સ્ત્રીઓને ઘરેલું હિંસાથી રક્ષણ આપતો કાયદો ડોમેસ્ટીક વાયોલન્સ અમલમાં મુકાયો ત્યારથી કોર્ટમાં આવા કેસોનો ભરાવો સતત વધતો જાય છે. નિર્દોષ કુટુંબીજનોને સંડોવી હેરાન પરેશાન કરવા શારીરિક, માનસીક, નાણાકિય યાતના આપતા સ્ત્રીઓ અટકાતી નથી. હવે સ્ત્રીઓ બાપડી, બીચારી રહી નથી. પોતાના અધિકારનો સંપૂર્ણ ઉપયોગ કરતા તેને આવડી ગયું છે. સરકારે તેમને કાયદાથી સુરક્ષીત કરેલ છે જેનો તે ભરપુર લાભ ઉઠાવે છે. પતિ નામના પુરૂષની ગુલામી કરતા સ્વતંત્ર રહેવામાં જ શાણપણ અનુભવે છે. જો સ્ત્રીઓ સ્વતંત્રતાના મૃગજળ પાછળ દોડવાનું છોડી દે તો તેઓ સાચા અર્થમાં સુખી થાય. કાયદાનો ઉપયોગ પોતાના રક્ષણ પુરતો કરવો જોઈએ નહિ કે અન્ય નિર્દોષ વ્યક્તિને હેરાન કરવા માટે ૨૧ મી સદીમાં સ્ત્રીઓ પુરૂષ સમોવટી થતા સ્વતંત્રતા ના લોભમાં કુટુંબ જીવનનો ભોગ લેવાય છે.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

ભાજપના ત્રણ-ત્રણ વાર સાંસદ રહેલા અત્યારે પંજાબની કોંગ્રેસ સરકારમાં મંત્રી એવા નવજોતસિંહ સિદ્ધુ તો લોકસભામાં પ્રવેશતા કે જાણે કે તમામ સભ્યોને ક્રિકેટરમાંથી રાજનેતા થયેલા આ સભ્ય કોમેડિયનનો અવતાર જણાતા અને સૌના ચહેરા પર હાસ્ય ઝલકતું. ૨૪ જુલાઈ ૨૦૦૯ન રોજ ગૃહમાં ચર્ચામાં ભાગ લેતાં પૂર્વ નાણામંત્રી જસવંતસિંહ કહે કે નાણામંત્રી (પ્રણવદા)એ નવા કર લાદવાનાં પગલાં લીધાં છે એ એમની મુશ્કેલી વધારશે. મારા જાતઅનુભવે કહી શકું છું કે મેં આવી મુશ્કેલી અનુભવીને મારા માથાના વાળ ગુમાવી દીધા છે. હાજરજવાબી પ્રણવ મુખરજીએ કહ્યું: “મારા તો માથાના વાળ હવે રહ્યા જ નથી.” ગૃહમાં ખડખડાટ હસવાનું મોજું ફરી વળ્યું હતું.

નેહરુ પોતાનાં ઠઠ્ઠાચિત્રો પર હસતા

ક્યારેક એવો જમાનો પણ હતો જયારે વડાપ્રધાન નેહરુ શંકર્સ વિકલીના શંકરને “ડોન્ટ સ્પેર મી” કહેતા. નેહરુનાં ઠઠ્ઠાચિત્રો જોઈને જ હસી પડાય એવા સર્જક આ ઠઠ્ઠાચિત્રકાર હતા. નેહરુ પોતે પણ એનો આનંદ માણતા.અત્યારના શાસકોમાં આવી દરિયાદિલી ભાગ્યેજ જોવા મળે છે.કાર્ટૂનિસ્ટો હવે તો રાજકારણીઓ અને એમાંય ખાસ કરીને શાસકોનાં કાર્ટૂન્સ બનાવતાં એક પ્રકારના છૂપા ડરનો અનુભવ કરે છે. રખેને એમનાં કાર્ટૂન કે ચિત્ર માટે કોઈ શાસક જેલની હવા ખવડાવે!

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ તો એક કાર્ટૂનિસ્ટને જેલની હવા ખવડાવી પણ હતી. જેમ લેખકો અને પત્રકારોએ “બિગ-બ્રધર ઈઝ વોચિંગ”નો અનુભવ કરવો પડે છે,એમ જ સંસદમાં ય બોલવા કે વ્યંગ્ય-વિનોદ કરવામાં જોખમ આવી પડવાની ધાસ્તી જરૂર રહે છે. શાસકોને નારાજ કરીને તેમનો ખોફ વહોરવાને બદલે મીઠડાં વચન વદવાનું લાભદાયી હોય છે. આવું પસંદ કરનારાઓમાં હવે તો મુલાયમ સિંહ યાદવ જેવા ક્યારેક પોતાને ડૉ.લોહિયાના શિષ્ય ગણાવનારા મહારથીઓ પણ સામેલ થતા હોય ત્યારે નવા નિશાળિયાનું તો શું ગજું કે સંસદ કે સંસદની બહાર વિનોદ કે ઠઠ્ઠામશ્કરી કરે? “અહો રૂપમ્ અહો ધ્વનિ”ના મહિમામંડનમાં હાસ્ય, વિનોદ, વ્યંગ્ય કે ઠઠ્ઠામશ્કરીની સરવાણી સુકાઈ જાય એ સ્વાભાવિક છે.વડાપ્રધાન મોદીએ એ સંદર્ભે ૧૬મી લોકસભાની શરૂઆતમાં જ વ્યક્ત કરેલી ચિંતા યથાર્થ સાબિત થઈ છે.

લાલુના આલુથી ઈવીએમ લગી

ક્યારેક લોકનાયક જયપ્રકાશ નારાયણના બિહાર આંદોલનના કાર્યકરમાંથી મુખ્યમંત્રી અને કેન્દ્રમાં પણ મંત્રી રહેલા લાલુપ્રસાદ યાદવ અત્યારે ભલે જેલવાસ ભોગવી રહ્યા હોય,એમની હળવી શૈલી માટે હજુ પણ લોકો એમને યાદ કરે છે. “જબતક સમોસે મેં રહેગા આલુ, બિહાર મેં રહેગા લાલુ” જેવી એમની ઉક્તિ આજે ય વિસારે પાડી શકાય તેમ નથી.સંસદમાં લાલુ બોલવા ઊભા થાય કે પત્રકારો સામે નિવેદન આપવા દેશી વેશમાં એ પ્રગટ થાય ત્યારે સૌની નજરો એમના તરફ જ મંડાયેલી રહેતી અને આજે પણ સ્થિતિ જુદી નથી. હમણાં વડાપ્રધાન મોદીની પટણા રેલી સંદર્ભે લાલુએ ટ્વિટ કર્યું કે અમે ખાલી પાન ખાવા જતા ત્યારે ય ત્યાં આના કરતાં વધુ લોકો ભેગા થતા હતા! સંસદમાં લાલુએ ૩૧ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) વિશે યાદગાર સંવાદ કહ્યો હતો: “હમ કહ રહે હૈં કિ લાલટેન કે સામને વાલા બટન દબાના, વહ લાલટેન કા દબાતા હૈ ઔર વોટ સાઈકલ કો પડ જાતા હૈ . સાઈકલ કા વો દબા રહા હૈ , વહ કમલ મેં જા રહા હૈ; જો હાથ પર દબા રહા હૈ, વહ હાથી પર જા રહા હૈ..”. લાલુ બોલે એટલે હસાયરો જ સમજો. લાલટેન એ લાલુની આરજેડી પાર્ટીનું ચિહ્ન, સાઈકલ એ મુલાયમ-અખિલેશનીસમાજવાદી પાર્ટીનું, કમલ એ ભાજપનું અને હાથ એ કોંગ્રેસનું તેમ જ હાથી એ માયાવતીની બહુજન સમાજ પાર્ટીનું ચૂંટણી ચિહ્ન. વર્ષ ૨૦૧૦માં ભાજપ પણ ઈવીએમ સાથે ચેડાં થતાં હોવાની ફરિયાદ કરતો હતો અને પુસ્તકો પ્રકાશિત કરતો હતો. હવે સ્થિતિ નોખી છે. લાલુ કે અટલજી જેવા લોકસભે નહીં હોવાને કારણે અને કમરપટ્ટા નીચે વાર કરવાનું રાજકારણ ફૂલ્યુંફાલ્યું ત્યારથી સંસદમાં હાસ્યના ફુવારા ઓછા ઊડે છે.

ઈ-મેઈલ : haridesai@gmail.com